# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર

**અખબારીયાદી** **તા. ૦૩-૧૨-૨૦૧૧**

- **ભાવનગર ખાતેના કોંગ્રેસના કાર્યક્રમમાં હજારોની સંખ્યામાં લોકો ઉમટી પડ્યાં.**
- **મુખ્યમંત્રીશ્રીના પ્રજાની તિજોરીના ખર્ચે યોજાતા નાટકીય કાર્યક્રમ સામે જન આક્રોશ.**
- **સ્વયંભૂ ઉમટેલા માનવ મહેરામણના કારણે જશોનાથ ચોક અને રસ્તા પર ચક્કાજામ.**
- **તમામ જ્ઞાતિના અને ધર્મના વડાઓના કોંગ્રેસને આશીર્વાદ.**
- **વિશ્વ વિકલાંગ દિન હોવાથી કોંગ્રેસ તરફથી ભાવનગરની વિકલાંગ સંસ્થાઓમાં આઇસ્કીમ વિતરણનું સત્કર્મ.**

કોંગ્રેસપક્ષ આયોજીત સત્કર્મ કરવા સરકારને આહવાનના ભાવનગર ખાતેના કાર્યક્રમમાં હજારોની સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો તથા આમ જનતા ઉમટી પડી હતી. ભૂતકાળમાં ભાવનગરમાં આવીને ઠાલા વચનો આપી જનાર મુખ્યમંત્રીશ્રીએ જન હિતનું કોઇ જ કામ કરેલ નથી અને તેમની જાહેરાત માત્ર કાગળ પર જ રહી છે. તેનાથી ભાવનગરની જનતામાં જે આક્રોશ છે તેનો સીધો પડઘો આજે જોવા મળ્યો હતો. લોકોને સમજાયું છે કે, મુખ્યમંત્રીશ્રી પ્રજાની તિજોરીના નાણાં ખોટા ભ્રષ્ટાચાર અને પોતાની પ્રસિધ્ધી માટે જ લૂંટાવે છે. માત્ર માનીતા ઉદ્યોગપતિઓના લાભાર્થે કામ કરે છે. રાજકીય નાટકો અને સ્ટંટ કરતાં મુખ્યમંત્રીશ્રી આમ ગુજરાતીઓનું અહિત કરે છે. મુઠ્ઠીભર ઉદ્યોગપતિઓ માટે ભ્રષ્ટાચારથી રાજ્યના સંસાધનો લૂંટાય છે. પરંતુ જરુરીયાતમંદો માટે કશું જ કામ થતું નથી. ભાવનગરની સતત અવગણના સામે લોકોનો આક્રોશ સ્પષ્ટ વ્યક્ત થતો હતો.

સમગ્ર શહેર અને જિલ્લામાં ઉમટેલા હજારો લોકો કોંગ્રેસના આ કાર્યક્રમમાં સ્વયંભૂ ઉમટી પડતાં જશોનાથ ખાતેના ચોકનો વિસ્તાર ટૂંકો પડ્યો હતો. મંડપમાં ન સમાઇ શકતાં લોકો જાહેર રસ્તા પર કોંગ્રેસના સમર્થનમાં ઉભા રહી ગયા હતાં અને રસ્તાઓ ચક્કાજામ થઇ ગયા હતાં.

જુદી જુદી કોમના ધર્મના વડાઓએ સ્વયંભૂ રીતે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને કોંગ્રેસને શુભકામનાઓ પાઠવી હતી.

મુખ્યમંત્રીશ્રી પોતાના માટે લખલૂંટ ખર્ચ કરે છે, પરંતુ જેમના પ્રત્યે સાચી સદ્દભાવના દર્શાવવાની હોય તેમને યાદ સુદ્ધાં કરતાં નથી, ત્યારે આજે વિશ્વ વિકલાંગ દિન નિમિત્તે કોંગ્રેસ પક્ષ તરફથી વિકલાંગ સંસ્થાઓમાં આઇસ્કીમનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગુજરાત અને ભાવનગર માટે કરવા જેવા સત્કર્મો માટેની યાદી વક્તાઓએ જાહેર કાર્યક્રમમાં રજૂ કરી હતી.

ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલની આગેવાનીમાં દિવસભર ચાલેલાં કાર્યક્રમમાં સૌનો સાથ રહ્યો હતો.

---

પ્રતિ, તંત્રીશ્રી,

સદરહું પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિધ્ધ કરવા માન.વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.

**(જે.જે.રસાણીઆ)**

અંગત મદદનીશ